જન્મશતાબ્દી પુસ્તકમાળા

# વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કેવી રીતે થશે ?



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

http://rushichintan.com

## વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કેવી રીતે થશે ?

દેવીઓ અને ભાઈઓ,

આજે આપણે વિકાસક્રમમાં કેટલે પહોંચ્યા છીએ એના પર આવો, થોડોક વિચાર કરીએ. જ્ઞાનના આ યુગમાં આજથી પાંચસો વર્ષ પહેલાંનો કોઈ માણસ જો ક્યાંક હોય અને તે આવી ને આપણી આ દુનિયાને જુએ તો તે કહેશે કે કેટલી અજાયબ છે આ દુનિયા ! આ તો ભૂતપ્રેતોની દુનિયા છે.

જો તે સડકો પર કે રેલવે લાઈન પર જાય તો ત્યાંથી મૂઠીઓ વાળીને ભાગશે કારણ કે લોખંડના પાટા પર દોડતી રેલગાડીઓ અને આકાશમાં ઊડતાં હવાઈજહાજો એને આશ્ચર્યજનક લાગશે. દિલ્હીથી બોલનાર માણસ ઇન્દોરમાં બેઠેલા માણસ સાથે જાણે સામસામે બેઠા હોય તે રીતે વાત કરે છે.

આજના આ વિજ્ઞાનની પ્રગતિનું તો શું કહેવું ? તેણે ટેલિવિઝનથી માંડીને અનેક પ્રકારની વસ્તુઓ બનાવી દીધી છે. એક જમાનામાં તીરકામઠાંથી યુદ્ધ લડાતું હતું અને જ્યારે કોઈ માણસના શરીરમાં તીર ખૂંપી જતું હતું ત્યારે તે કાઢવા માટે તેની સાથે દોરડું બાંધી બીજો છેડો ઘોડાના પૂંછડા સાથે બાંધી ઘોડાને દોડાવવામાં આવતો હતો ત્યારે ખૂબ મુશ્કેલીથી તીર નીકળતું હતું. માણસ બચી ગયો તો ખરું, નહિ તો કાંઈ નહિ. એ જૂનો જમાનો હતો.

આજે મેડિકલ તથા સર્જરીના વિજ્ઞાને કેવા અદ્દભૂત ચમત્કારો કર્યા છે ! શરીરની અંદરની વસ્તુઓ બતાવવાથી માંડીને તેમને બહાર કાઢી નાખવા સુધીના કેવાં કેવાં ચમત્કારો કરી બતાવ્યા છે ! આ મનુષ્યની બુદ્ધિનો ચમત્કાર છે. વિજ્ઞાનનો ચમત્કાર છે. આપણો આ યુગ વૈજ્ઞાનિક ચમત્કારોનો યુગ છે. પાછલી સદીઓમાં મનુષ્યે જે પ્રગતિ કરી અને જે વિકાસ કર્યો તેની તુલનામાં આજની દુનિયા કેટલીય બાબતોમાં ખૂબ આગળ છે. સંસારની બાબતમાં એવું કહેવાય છે કે એને બન્યે દસ લાખ વર્ષ થઈ ગયાં.

આ દસ લાખ વર્ષોમાં આજના જેટલાં સુખ સગવડનાં સાધનો ક્યારેય નહોતાં. ટેક્નોલૉજી અને બૌદ્ધિક દૃષ્ટિએ આપણો યુગ કેટલો બધો પ્રગતિશીલ અને સમૃદ્ધ છે ! ભૂતકાળના દિવસો ભલે પ્રગતિના દિવસોના હતા કે અવસાદના દિવસો હતા, એમ છતાં તે પતનના દિવસો તો નહોતા જ.

આજે મનુષ્યનું જેટલું પતન થઈ રહ્યું છે એટલું ભૂતકાળમાં કદી થયું ન હોતું. તે શારીરિક દૃષ્ટિએ આજના જેટલો કમજોર નહોતો. આજે આપણે એક માઈલ પણ ચાલી શકતા નથી. આપણા વડીલો કેવાં હતા ?

મેં મારા દાદાને નજરે જોયા હતા. તેઓ ચાલીસ માઈલ (લગભગ ૬૫ કિ.મી.) ચાલીને પૂનમના દિવસે ગંગાજીમાં સ્નાન કરવા જતા હતા. તેઓ સવારે ઘેરથી નીકળતા અને સાંજે ગંગાજી પહોંચી જતા હતા. બીજા દિવસે સવારે સ્નાન કરીને ત્યાંથી રવાના થતા અને સાંજે ઘેર આવી જતા. બે દિવસમાં ૮૦ માઈલનો આ પ્રવાસ આજે આપણા માટે મુશ્કેલી છે. શારીરિક દૃષ્ટિએ આપણે આજે દુર્બળ થતા જઈએ છીએ.

દાંપત્યજીવનમાં સુખ અને સૌભાગ્યનાં દર્શન થતાં હતાં, તેનું ગૌરવ જળવાતું હતું અને લોકો સંતુષ્ટ હતા. રામસીતા જેવું સુખી દાંપત્યજીવન હતું. એકબીજા પ્રત્યે ખૂબ નિષ્ઠા અને વિશ્વાસ હતાં. રામાયણમાં એક પ્રસંગ આવે છે. લવકુશે જોયું કે હનુમાનજી અને લક્ષ્મણજી અશ્વમેઘના ઘોડાને લઈને જતા હતા, ત્યારે એમણે પૂછયું કે તમે કોણ છો ? જવાબ મળ્યો કે હું લક્ષ્મણ છું અને આ હનુમાન છે. એમણે પૂછયું કે શું તમે એ જ લોકો છો ને કે જેમણે અમારી માતાને જંગલમાં અસહાય એકલી છોડી દીધી હતી. ? લક્ષ્મણજીએ આંખો નીચી કરી દીધી. લક્ષ્મણજીએ આંખો નીચી કરી દીધી.

બાળકોએ કહ્યું કે સારું હવે અમે તમને બરાબરની મઝા ચખાડીએ છીએ. લવકુશે હનુમાનજીને પકડી લીધા અને તેમની પૂંછડી ઝાડ સાથે બાંધી દીધી.

લક્ષ્મણજીને પણ દોરડાથી એક ઝાડ સાથે બાંધી દીધા અને પછી પોતાની મા પાસે ગયા. માને કહ્યું કે જેમણે તમને જંગલમાં એકલાં છોડી દીધાં હતાં એ બે માણસોને અમે ઝાડ સાથે બાંધી દીધા છે. હવે એમને બરાબરની મઝા ચખાડીશું.

માં એ કહ્યું કે ના બેટા, એ તમારા પિતાના ભાઈ છે. તમારા પિતા પ્રત્યે મને કેટલી ઊંડી શ્રદ્ધા તથા નિષ્ઠા છે તે તમે નથી જાણતા. મને જંગલમાં શા માટે મોકલી દેવામાં આવી ? સંસારમાં દાંપત્યજીવનના આદર્શો રજૂ કરવા માટે, તમારા વડીલોનું અપમાન કરવું યોગ્ય નથી. એમને છોડી દો. રામે જ્યારે મને વનમાં મોકલી ત્યારે તેમની ઇચ્છા સંસારની સામે એક આદર્શ ઉદાહરણ રજૂ કરવાની હતી. તેમને કષ્ટો સહન કરવા પડયાં, પરંતુ એ જમાનાના દાંપત્યજીવનની તુલના આપણા દાંપત્યજીવન સાથે કદાપિ થઈ શકે નહિ. આજે તેની આગમાં સમગ્ર વિશ્વ બળી રહ્યું છે. અમેરિકા બળી ચૂકયું. યુરોપ બળી ચૂકયું અને હવે તે ભભૂકતી આગ આપણા હિંદુસ્તાન તરફ આવી રહી છે. રૂપનો ભૂખ્યો મનુષ્ય, સેકસનો ભૂખ્યો મનુષ્ય તથા ધનનો ભૂખ્યો મનુષ્ય દાંપત્યજીવનના મહાન આદર્શોને ભૂલતો જાય છે. આખી દુનિયામાં હાહાકાર મચી રહ્યો છે. મનુષ્ય જાણે સ્મશાનની આગમાં બળી રહ્યો છે.

અમેરિકા જેવા સંપન્ન દેશમાં આપણા યુવાનો જતા રહે છે અને કોણ જાણે ત્યાં શું શું શીખે છે. ત્યાંની ભલે ગમે તેટલી પ્રશંસા થતી હોય, પણ ત્યાંનું દાંપત્યજીવન તથા ગૃહસ્થ જીવન એટલું વેરવિખેર તથા હલકું બનતું જાય છે કે દરેક માણસના મગજ પર એક પ્રકારનું ટૅન્શન સતત રહ્યા કરે છે. ત્યાં રાત્રે ટ્રેન્કવીલાઈઝર લીધા વગર લોકોને ઊંઘ આવતી નથી.

લોહીનું દબાણ હૃદય રોગો, મધુપ્રમેહ વગેરે અનેક પ્રકારના રોગોથી તેઓ પીડાય છે. ખાવાની વસ્તુઓનું ઠેકાણું હોતું નથી. મારો એક મિત્ર છે.

..૫..

તે ત્યાં એન્જિનિયરિંગ કૉલેજમાં ભણે છે. તે કહે છે કે અમે પાણી નથી પીતા. સદાય ફળોના રસની બોટલો આવતી રહે છે અને આખો દિવસ અમે પાણીના બદલે ફળોનો જ્યૂસ પીતા રહીએ છીએ. પહેલાં લોકો લૂખોસૂકો રોટલો ખાઈને સુખચેનથી જીવતા હતા અને માનતા હતા કે અમે સુખી છીએ.

આજે આપણાં બાળકો માતાપિતા પ્રત્યે જેવાં નિષ્ઠાવાન હોવા જોઈએ એવા નથી. આજે શ્રવણકુમારી માત્ર વાર્તા જ રહી ગઈ છે. તે તમે બાળકોને સંભળાવી શકો છો. હવે આપણા ઘરમાં શ્રવણકુમાર જોવાનું સૌભાગ્ય આપણને મળી શકે એમ નથી.

રામાયણકાળની વાર્તાઓ તમને ફક્ત પુસ્તકોમાં વાંચવા મળશે, પણ તમારે એવી આશા કદાપિ ન રાખવી જોઈએ કે તમારા ઘરનાં બાળકો સીતા તથા રામ જેવાં બને. પિતાના મનમાં શંકા રહે છે કે મારે પાંચ પુત્રો છે, પણ તે મોટા થયા પછી કોણ જાણે શું કરશે. આપણું સામાજિક, આર્થિક તથા રાજકીય જીવન કેટલું જટિલ બનતું જાય છે. વિજ્ઞાનની પ્રગતિ થઈ છે અને આર્થિક રીતે સદ્ધર થયા છીએ, છતાં માણસ માટે એક વિચિત્ર પ્રકારની સમસ્યા પેદા થઈ ગઈ છે. આપણે એના પર વિચાર કરવો પડશે કે આવું શાથી થાય છે ?

મિત્રો, તમારી ઉપર, નવી પેઢી ઉપર હવે જવાબદારીઓ આવી રહી છે, તમારે સામાજિક, આર્થિક, વ્યક્તિગત અને રાષ્ટ્રીય જીવનની સમસ્યાઓને હલ કરવી પડશે. તમારે એ માટે એક રોલ અદા કરવો પડશે. એ જવાબદારી સ્વીકારીને એના માટે કઠોર પરિશ્રમ કરવો પડશે. આજે વ્યક્તિ તથા રાષ્ટ્ર સામે જે અનેક સમસ્યાઓ છે તે ઉકેલ માગી રહી છે. તેમને હલ કરવાની એક નાનકડી ફૉર્મ્યુલા હું તમને સમજાવું છું. તમારામાંથી ગમે તેણે, ખાસ કરીને વિદ્યાર્થીઓએ કેટલીક જવાબદારીઓનો ભાર પોતાના ખભે લેવો પડશે. તમારે રાષ્ટ્ર નિર્માતાઓને જે કામ કરવા પડયાં છે એવા કામ કરવા પડશે. ત્યારે તમારે કઈ રીતે વ્યક્તિ, સમાજ તથા રાષ્ટ્રનું નિર્માણ કરવું અને ગૂંચવાયેલી સમસ્યાઓને ઉકેલવા માટે શું કરવું તેનું જ્ઞાન મેળવવું પડશે.

એની એક ફૉર્મ્યુલા એ છે કે વ્યક્તિએ પોતાના અંતઃકરણમાં પ્રવેશ કરવો પડશે. સમસ્યાઓનો ઉકેલ બહાર નહિ, પરંતુ અંદરથી શોધવો પડશે. સમસ્યાઓ બહારથી પેદા નથી થતી. તે બહાર દેખાય છે, પરંતુ હોય છે અંદરની. માણસ પોતે જ પોતાની અંદરથી સમસ્યાઓ પેદા કરે છે. મારી અંદર એક આત્મા રહે છે, તે જ કામ કરે છે.

ભાષણ આપી રહ્યો છે, એણે જ પુસ્તકો લખ્યાં છે તથા સમાજના નવનિર્માણનાં સ્વપ્નનાં એણે જ જોયા છે. તમે બહારથી જે કાર્યો જુઓ છો તે બહારનાં નથી, મારી આંતરિક ચેતનાનાં છે. સમસ્યાઓની બાબતમાં પણ આવું જ હોય છે. બીમારીઓ પણ બહારની લાગે છે, તાવ આવ્યો છે એમ બહારથી ખબર પડે છે, ખાંસી બહારથી દેખાય છે, પણ ખરેખર તો તે અંદરથી પેદા થાય છે.

સમસ્યાઓને વ્યક્તિને, સમાજને તથા આખા દેશને જકડી લીધો છે. તે આપણી અંદરથી જ પેદા થઈ છે. તમારે જ્યારે એમનું સમાધાન શોધવાનું થાય ત્યારે તમારે માત્ર બહાર નહિ, પણ અંદરની બાજુ પણ ધ્યાન આપવું પડશે. મનુષ્યના અંતરમાં તો ક્યાંક ગરબડ નથી થઈ ને ? જો ત્યાં ગરબડ હોય તો તેને સુધારવી જોઈએ. વ્યક્તિ અને સમાજની સમસ્યાઓને હલ કરવા માટે માત્ર બહારના ઉપચારો પૂરતા નથી. ઇલાજની સામગ્રી ભેગી કરવી જોઈએ, રિસર્ચ કરવું જોઈએ કે કઈ દવાઓ દ્વારા બીમારીઓમાંથી છુટકારો મળી શકશે, માણસની તંદુરસ્તીને કઈ રીતે વધારે સારી બનાવી શકાય. તમારે એ ન ભૂલવું જોઈએ કે જો આંતરિક જીવન સુવ્યવસ્થિત નહિ બને તો આપણા સ્વાસ્થ્યની સમસ્યાને હલ નહિ કરી શકાય.

યુજેન સન્ડોનું નામ તમે સાંભળ્યું હશે, સેન્ડોકટ બનિયન પહેરવામાં આવે છે. એના જમાનામાં તે યુરોપનો પ્રખ્યાત પહેલવાન હતો. એ વખતે પહેલવાનોમાં પહેલું નામ તેનું લેવામાં આવતું હતું. તે બચપણમાં બીમાર રહેતો હતો. શરદી ખાંસીથી પીડાતો હતો. તે પોતાના પિતા સાથે એક દિવસ મ્યુઝિયમ જોવા ગયો. ત્યાં પહેલવાનોના ફોટા જોઈને તેણે પૂછયું,

"પિતાજી, શું હું પણ પહેલવાન બની શકું ?" પિતાએ હા પાડી. એટલે જિજ્ઞાસાપૂર્વક સેન્ડોએ પૂછયું કે પિતાજી, મારે મજબૂત પહેલવાન બનવા માટે શું કરવું જોઈએ ? પિતાએ કહ્યું, "બેટા, મજબૂતાઈના તથા દીર્ઘજીવનના બધા આધાર મનુષ્યની પોતાની અંદર રહેલા છે, પરંતુ માણસ આ વાત ભૂલી ગયો છે. માણસ જો પોતાની ભૂલને સુધારી શકે તો ઉત્તમ સ્વાસ્થ્ય મેળવી શકે છે.

બેટા, આપણે આપણું પેટ ખરાબ કરી નાખ્યું. ભૂખ કરતાં વધારે ખાઈએ છીએ અને ન ખાવા યોગ્ય વસ્તુઓ ખાઈએ છીએ. ઈન્દ્રિયો આપણું કામ કરવા માટે ભગવાને આપી છે, પણ આપણે ઈન્દ્રિયોની શક્તિનો એટલો બધો ભાગ વાપરી નાખ્યો કે જેટલો પેદા નથી થતો. આપણા મગજમાં ચિંતાઓ અને બીજી બાબતો એટલી બધી ગૂંચવાયેલી છે કે આપણા સ્વાસ્થ્યને નિયંત્રિત કરનારી નર્વસ સિસ્ટમ જ અસ્તવ્યસ્ત થઈ ગઈ. જો આપણે આ ત્રણ બૂરાઈઓને દૂર કરી દઈએ તો લાંબી જિંદગી જીવી શકીએ છીએ અને કોઈપણ માણસ પહેલવાન બની શકે છે."

"પિતાજી, તો પછી આપણે દવા ખાવી ના પડે ને ?" તેણે જવાબ આપ્યો, "ના બેટા, દવા તો ફકત બીમારીઓને દૂર કરવા માટે છે. તે કામચલાઉ શક્તિ આપી શકે છે. તે કોઈ માણસને મજબૂત અને દીર્ઘજીવી બનાવી શકતી નથી. જો દવાઓથી મજબૂત અને દીર્ઘજીવી બનાતું હોત તો જેટલા ડોકટરો છે તેઓ બીજાઓનો ઇલાજ કરવાના બદલે પહેલાં પોતાનો ઇલાજ કરત અને ખૂબ મજબૂત તથા પહેલવાન બની જાત. "સેન્ડોએ જેને હું અધ્યાત્મનો એક ભાગ કહું છું તે સ્વાસ્થ્યના નિયમોનું પાલન કર્યું અને પહેલવાન બન્યો. આને તમે સંયમ કહી શકો. હું એને અધ્યાત્મ કહું છું. જીભનો સંયમ, ઈન્દ્રિયોનો સંયમ, વિચારોનો સંયમ, આહારવિહારનો સંયમ વગેરે પાલન જો માણસ કરી શકે તો તેની તંદુરસ્તી સારી રહી શકે. જૂના જમાનામાં ડોકટરો નહોતા. જડીબુટ્ટી, લીંમડાનાં પાન અને કાળા મરી જેવા દવાઓ બતાવનારા હકીમો ક્યાંક ક્યાંક જોવા મળતા હતા. તેનાથી જ રોગો મટી જતા હતા.

રોગનાં બધાં કારણોમાં સૌથી મોટું એક કારણ એ છે કે માણસ અસંયમના કારણે અંદરથી કમજોર બનતો જાય છે. નવી પેઢીના લોકોમાંથી કોઈ કદાચ સ્વાસ્થ્યમંત્રી બને તો તેને મારી એક વિનંતી છે કે તમે ભલે દવાખાનાં ખોલાવો, મેડિકલ સાયન્સ અંગે રિસર્ચ કરાવો, છતાં એક વાત ન ભૂલશો કે માણસના સ્વાસ્થ્યનો મૂળભૂત આધાર સંયમ જ છે. હું તેને આધ્યાત્મિકતા કહું છું અને બીજા લોકો એને સંયમશીલતા કહે છે. લોકોને સંયમનું શિક્ષણ આપવું જોઈએ. માનવીના ઉત્તમ સ્વાસ્થ્યનો આધાર એ બાબત પર રહેલો છે કે તે પોતાના આહારવિહાર, ઈન્દ્રિયો અને મગજના ઉપયોગ વિશે સારી રીતે જાણ અને એમનો યોગ્ય ઉપયોગ કરે. દરેકે આ સૂત્રને યાદ રાખવું જોઈએ.

એક બીજી બાબત તરફ પણ તમારું ધ્યાન ખેંચવા માગું છું કે એક યોજના બનાવીને દરેક માણસને શિખવાડવું જોઈએ કે તેણે ગૃહસ્થ બનતા પહેલાં સોવાર વિચારવું જોઈએ કે તે બાળકોની જવાબદારી સંભાળી શકવા યોગ્ય છે કે નહિ. તમે તમારી પત્નીને સ્નેહ અને પ્રેમ આપી શકશો ખરા કે જેનાથી એ નાનકડું ફૂલ તેનો સર્વાંગી વિકાસ સાધી શકે ? માણસનો સાચો ખોરાક રોટલી નહિ, દૂધ નહિ, પણ પ્રેમની હૂંફ છે. માણસ માત્ર એક શરીર નથી. એનાં ઉપરાંત પણ બીજી એક ચીજ છે, જેને જીવાત્મા કહે છે. તે જીવાત્મા પ્રેમનો તરસ્યો હોય છે.

જો ધર્મપત્નીને પ્રેમ નહિ મળે તો તેની ઊંધી પ્રતિક્રિયા થશે અને આપણાં ઘરોમાં એવી નિષ્ઠા પેદા નહિ થાય કે જે ઘરને સ્વર્ગ કરતાં પણ સુંદર બનાવી દે છે. બે આત્માઓનો પ્રેમ એક અને એક મળીને અગિયાર બની જાય છે. રામ અને લક્ષ્મણ એક ને એક અગિયાર થઈ ગયા હતા. તે પ્રેમ આપણા દાંપત્યજીવનમાં, ગૃહસ્થ જીવનમાં, ગરીબીમાં પણ સુખનો સબળ આધાર બની શકે છે અને એકબીજાથી પ્રસન્ન અને સંતુષ્ટ રહી શકે છે.

યુરોપમાં એક ગરીબ દંપતી હતું. તેમનો લગ્નદિવસ આવવાનો હતો. બંને એકબીજાને ભેટ આપવા ઇચ્છતાં હતાં, પણ પૈસા ક્યાંથી લાવવા ?

..૯..

પતિએ ઘણા દિવસથી વિચારી રાખ્યું હતું કે મારી પત્નીના સોનેરી રેશમ જેવા વાળમાં નાખવા માટે એક સુંદર હેરપિન લાવીશ.

પત્નીએ વિચાર્યું કે મારા પતિની ઘડિયાળ માટે એક સરસ ચેઇન લઈ આવું, પરંતુ બંનેનાં ખિસ્સાં ખાલી હતાં.

સ્ત્રીએ પોતાનાં સોનેરી જુલ્ફાં વેચી દીધાં અને ઘડિયાળની ચેઇન ખરીદી લાવી. આ બાજુ પતિ ઘડિયાળ વેચીને હેરપિન ખરીદી લાવ્યો. તેણે પત્નીના માથે બાંધેલો સ્કાર્ફ હઠાવ્યો તો વાળ ગાયબ ! પત્નીએ કહ્યું કે, હું તમારા માટે એક સરસ ચેઇન લાવી છું. તમારી ઘડિયાળ ક્યાં છે ? હાથે રૂમાલ કેમ બાંધી રાખ્યો છે ? પત્નીએ જોયું તો ઘડિયાળ નહોતી. એકના હાથમાં હેરપિન અને બીજાના હાથમાં ચેઇન એમને એમ રહી ગયા. બંનેની આંખોમાંથી પ્રેમ અને વફાદારીનાં આંસું વહેવા લાગ્યા. ભાઈઓ, જે લોકોમાં આવી નિષ્ઠા તથા ભાવના હોય તેમનાં દાપત્યજીવનમાં સ્વર્ગ આવી જાય છે.

કૌટુંબિક જીવનનાં સુખશાંતિનો આધાર સૌંદર્ય પર રહેલો નથી. લોકોને બતાવો કે એકબીજાને પસંદ કરતી વખતે સુંદર ચહેરો જોવાને બદલે ગુણ જુએ અને રંગ જોવાના બદલે ઉચ્ચ ભાવનાઓ જુએ. પોતાના સાથીના ગુણ, કર્મ અને સ્વભાવ જુએ. જો તમારામાં પ્રેમ હોય તો બાળક પેદા કરતા પહેલા એક વાત સારી રીતે સમજી લો કે બાળકના વિકાસ માટે માત્ર ખોરાક પૂરતો નથી, બોર્નવિટા પૂરતું નથી, સારાં કપડાં પૂરતાં નથી, તેને સ્કૂલરૂપી જેલખાનામાં મોકલી દેવું પૂરતું નથી.

તેને પ્રેમ અને હૂંફ આપવાં અત્યંત જરૂરી છે. સ્કૂલ એને માત્ર સભ્યતા અને શિષ્ટાચાર શિખવાડી શકે, પરંતુ એમનો ભાવનાત્મક વિકાસ થતો નથી. જે માબાપના મનમાં કુટુંબ પ્રત્યે તથા એકબીજા પ્રત્યે પ્રેમ અને આત્મીયતા, આદર્શો તથા કર્તવ્યનિષ્ઠા હશે એમના વ્યવહારથી જ બાળકનો ભાવનાત્મક વિકાસ થાય છે. આજે કુટુંબોમાં ઉપરોકત ગુણોનો અભાવ જોવા મળે છે.

..૧૦..

ઈંગ્લેંડ અને અમેરિકામાં એવા ઘણાં બાળકો પેદા થાય છે, જેમને માબાપનો પ્રેમ મળતો નથી અને એમને અનાથાશ્રમમાં દાખલ કરી દેવામાં આવે છે. સરકાર તેમને સારો ખોરાક અને સારું શિક્ષણ આપે છે, પણ પ્રેમના અભાવના કારણે તેમનો ભાવનાત્મક વિકાસ થતો નથી. આથી અનાથાલયમાં ઉછેરેલાં બાળકોમાંથી કોઈપણ બાળક રાષ્ટ્રનો કર્ણધાર બની શકયો નથી, કોઈ મહાપુરુષ બન્યો નથી કે કોઈ કવિ યા લેખક બન્યો નથી. એમાંના મોટા ભાગના બાળકો લશ્કરમાં સૈનિક બને છે. એ લોકોને પ્રેમનું પાન કરવા મળ્યું નથી. બાળકોને પ્રેમ પિવડાવવો જોઈએ, બોર્નવિટા નહિ.

બાળકોના શ્રેષ્ઠ પાલન તથા વિકાસ માટે પતિ પત્નીમાં જે વફાદારી અને નિષ્ઠા હોવી જોઈએ તે ન હોવાના કારણે આપણાં બાળકો બળવાખોર બની જાય છે. બાળક રાહ જોઈને બેઠો હોય છે કે હવે પિતાજી આવશે અને વાંદરાં, રીંછ, સસલાં વગેરેની વાર્તાઓ સંભળાવશે, ખોળામાં બેસાડશે, ખભે બેસાડશે, ફરવા લઈ જશે અને સાઈકલ પર બેસાડશે. બાળકો દોડયા. કોઈએ પાયજામો પકડયો, તો કોઈએ ઝભ્ભો પકડયો અને આનંદથી કૂદવા લાગ્યાં, પણ પથ્થર દિલ જેવા આપણે છોકરાંને ધમકાવવા લાગ્યા, “ખસો, અહીંથી, મારાં કપડાં ગંદા કરી નાખ્યાં. બાળકો બિચારાં ડઘાઈને માના ખોળામાં છુપાઈ ગયાં તેમણે વિચાયુ હશે કે મા અમારાં આંસુ લૂછશે.

પિતાએ કહ્યું, “આ શેતાનોને સાચવ. મારે સિનેમા જોવા જવું છે, કલબમાં જવાનું છે.” આ રીતે જે બાળકોને પ્રેમ મળ્યો જ નથી તેમનો વિકાસ કઈ રીતે થાય ? પછી આપણે ફરિયાદ કરીએ છીએ કે બાળકો વંઠી ગયાં છે, કહેલું માનતાં નથી, વડીલોની માનમર્યાદા જાળવતાં નથી, શિક્ષકોની સામે થઈ જાય છે, શાળા કૉલેજની બારીઓના કાચ ફોડી નાખે છે. એ બિચારાં આવું નહિ કરે તો બીજું શું કરશે ? નાનપણથી એ જ જોયું છે અને એ જ શીખ્યા છે. એમને રોકવાની જવાબદારી શિક્ષકોની નથી, પણ જેમણે બાળકો પેદા કર્યા છે એમની છે.

..૧૧..

બાળકો પેદા કરતાં પહેલાં એમણે વિચાર્યું જ નહિ કે અમારી પાસે પ્રેમ અને મહોબત નથી, તો ભગવાનને ના બોલાવીએ. એમણે વિચાર કરવો જોઈતો હતો કે અમે પથ્થર દિલ માણસો, કામી અને વિલાસી માણો બાળકોની જવાબદારી અદા કરી શકીએ એમ નથી. આવા લોકોને સમજાવવું જોઈએ કે જો તમે ભાવિ નાગરિકોને મહાપુરુષ બનાવવા ઇચ્છતા હો. આપણા દેશના મહાન નાગરિક કે નેતા બનાવવા ઇચ્છતા હો, તેઓ શક્તિવાન, ઓજસ્વી તથા મહાન બને એવું ઇચ્છતા હો, તો તેમના માટે ધન ભેગું કરવું જરૂરી નથી. એના બદલે એમનામાં ઉત્તમ ગુણોનો વિકાસ કરવો જરૂરી છે. ગુણોનો વિકાસ જ સામાન્ય અને ગરીબ માણસને અજરઅમર બનાવી શકે છે, નાનાં ઘરોમાં પેદા થયેલા માણસને બાદશાહ બનાવી શકે છે, તેને ઉચ્ચ પદ પર પહોંચાડી શકે છે.

રાજસ્થાનમાં હીરાલાલ શાસ્ત્રી નામના મહિને ૪૫ રૂપિયા પગાર મેળવતા સંસ્કૃતના એક શિક્ષક થઈ ગયા. ૨૬ વર્ષની ઉંમરે એમનાં પત્નીનું અવસાન થઈ ગયુ. લોકોએ કહ્યું કે બીજું લગ્ન કરી લો, તો તેમણે કહ્યું કે પહેલી પત્નીની સેવા અને વફાદારીનું ઋણ તો ચૂકવી શકયો નથી અને તમે બીજા લગ્નની વાત કરો છો ?

તેઓ નોકરી છોડીને પોતાની પત્નીના ગામમાં ગયા તેમણે નિશ્ચય કર્યો કે આ ગામની એક છોકરીએ મારી સેવા કરી છે, મને મદદ કરી છે, તેથી હુ આ ગામની સેવા કરીશ. તેઓ એક કન્યાશાળા ખોલવાના સંકલ્પ સાથે ગામની છોકરીઓને એક ઝાડ નીચે બેસાડીને ભણાવવા લાગ્યા. કેટલા લોકોએ તેમની મજાક પણ કરી, પરંતુ તેઓ પોતાની નિષ્ઠામાં અડગ રહ્યા. આ જોઈને ગામના ભલા લોકોએ એક છાપરું બનાવી આપ્યું. છોકરીઓ ભણવા માંડી. લોકોએ વિચાર કર્યો કે જે માણસ કષ્ટો તથા મુસીબતો સહન કરીને બીજાઓના લાભ માટે, ગામની પ્રગતિ માટે, રાષ્ટ્રની પ્રગતિ માટે કામ કરી રહ્યો છે તે ઇન્સાનના રૂપમાં ભગવાન છે. પછી તો પૂછવું જ શું ? રૂપિયા પૈસા, સોનું ચાંદી, લોખંડ, સિમેન્ટ વગેરેનો પ્રવાહ શરૂ થઈ ગયો અને ગામમાં ‘વનસ્થલી’ નામનું વિદ્યાલય બની ગયું.

ભારતમાં આ મહિલા વિશ્વવિદ્યાલય પહેલા નંબરનું છે. સ્વાધીનતા મળ્યા પછી જ્યારે પહેલી સરકાર બની ત્યારે આ જ હીરાલાલને રાજસ્થાનના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. મનુષ્યના આધ્યાત્મિક વિકાસનો આધાર એની પાસે કેટલું ધન છે એના પર નથી, મોજશોખ અને ભોગવિલાસનાં સાધનો કેટલાં છે એના પર નથી. મનુષ્યની મહાનતા અને પ્રગતિનો આધાર તેની હિંમત અને જીવન શક્તિ પર રહેલો છે. તેમના આધારે જ માણસ સિદ્ધાંતોનું પાલન કરી શકે છે.

માણસે મહાન બનવું જોઈએ, અમીર કે મોટા બનવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. આપણે લોકોનાં મગજને બદલવા જોઈએ. જો માણસને મહાન બનાવવો હોય, રાષ્ટ્રને સમર્થ, મજબૂત અને મહાન બનાવવું હોય તો આપણે લોકોને એ સમજાવવું પડશે કે પહેલાં વ્યક્તિ પોતે બદલાય, પછી પોતાના કુટુંબને બદલે અને ત્યારબાદ પોતાની આસપાસના પરિકરને બદલે.

દુનિયા બદલાઈ રહી છે, સુધરી રહી છે, તો પછી આપણે કેવી રીતે પછાત સ્થિતિમાં પડી રહીએ ? આપણે લોકોની અંદરની મહાનતાને જગાડવાની છે. આજે લોકોની મહત્વાકાંક્ષાઓ ભડકી ઉઠી છે. દરેક માણસ મહત્વાકાંક્ષી બની ગયો છે અને મોટો માણસ બનવા ઇચ્છે છે, અમીર બનવા ઇચ્છે છે. હું ખુશાલી અને અમીરીનો વિરોધી નથી, પરંતુ હું એ કહું છું કે માત્ર અમીરી મેળવવી જ પૂરતી નથી.

અમીરીની સાથે સાથે મનુષ્યની અંદર જે ક્ષમતાઓ પ્રસુપ્ત સ્થિતિમાં પડેલ છે તેમને પણ જાગ્રત કરવી જોઈએ. અમીરીથી દેશ મજબૂત બનતો નથી, માણસ મજબૂત બનતો નથી, રાષ્ટ્રની સમસ્યાઓ હલ થતી નથી કે રાષ્ટ્રીય પરંપરાઓનો વિકાસ થતો નથી. જો મેડિકલ કૉલેજના કોઈ વિદ્યાર્થીને ધર્માચાર્ય બનાવી દેવામાં આવે, જગદ્ગુરુ શંકરાચાર્ય બનાવી દેવામાં આવે, તો તમારે એક કામ કરવું પડશે. દરેક સાધુ, સંત અને બાબાજીને કહેવું પડશે કે તમે આધ્યાત્મિકતાના સાચા સિદ્ધાંતને જીવનમાં ઉતારો. માત્ર ઢોંગ કરવો, દાઢી મૂછ વધારવા કે ટીલાંટપકાં કરવા તે પૂરતું નથી.

..૧૩..

માત્ર ધર્મની ચિંતા કરવી પૂરતી નથી, પરંતુ ધર્મની નીતિ પર ચાલવાનું પણ વિચારવું જોઈએ. હિન્દુસ્તાનમાં સાત લાખ ગામ છે અને છપ્પન લાખ સાધુબાવા છે. એક ગામના ભાગે આઠ સાધુ સંતો આવે. દરેક ગામમાં આઠ સાધું સંતો ચાલ્યા જાય અને એ ગામમાં સફાઈ કાર્ય શરૂ કરે, સાક્ષરતાનો ફેલાવો કરે, તો જે અનેક સામાજિક સમસ્યાઓ, કુરિવાજો વગેરેએ દેશને બરબાદ કરી નાખ્યો છે તે બધાંને આપણે દૂર કરી શકીએ છીએ, પરંતુ આ સાધુસંતો કોણ જાણે ક્યાં ખોવાઈ ગયા ? આધ્યાત્મિક ચેતના ક્યાં લુપ્ત થઈ ગઈ ? જો તેઓ આધ્યાત્મિકતાનું કામ કરે, રાષ્ટ્રના નિર્માતા બની જાય તો દેશની કાયાપલટ કરી નાખે.

આધ્યાત્મિકતાના આ સૂત્રને હું સેવા સહાયતા કરું છું. કર્તવ્ય પરાયણના કહું છું. આપણા જીવનમાં જો તે આવી જાય તો આપણો દેશ ક્યાંથી ક્યાં પહોંચી જાય. તમને જો ધર્મ તથા અધ્યાત્મિકનું કામ સોંપવામાં આવે તો તમારે ભગવાન બુદ્ધની જેમ કહેવું જોઈએ કે અમારું સ્વર્ગ ગરીબોની સેવામાં છે, દીનદુખીઓની સેવામાં છે.

ભગવાન બુદ્ધને પૂછવામાં આવ્યું કે શું તમે સ્વર્ગમાં જશો ? તો તેમણે કહ્યું કે ના, મારે સ્વર્ગમાં જવાની જરૂર નથી. સ્વર્ગમાં જે આનંદ છે તેનાથી હજારગણો આનંદ અહીં દીનદુખીઓની, પીડિતોની, અજ્ઞાની અને અભાવગ્રસ્ત લોકોની સેવા કરવામાં મળે છે. હું એમની સેવા કરતો રહીશ અને સંસારના બધા લોકોને સ્વર્ગમાં મોકલવાનો પ્રયત્ન કરીશ. હું વારંવાર જન્મ લઈને પછાત અને દુખી લોકોને તથા કર્તવ્ય ભૂલી ગયેલાંઓને માર્ગ બનાવીશ. જો આ ભાવ આપણી અંદર આવી જાય તો તમામ સમસ્યાઓ દૂર થઈ જાય. પછી આપણે કેટલાક બાબાજીઓની જેમ સ્વર્ગની ટિકિટો નહિ વહેંચવી પડે.

આજે લોકોની વ્યક્તિગત તથા રાષ્ટ્રીય સમસ્યાઓ અનેક છે. આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ પણ ઘણી છે. ચારે બાજુ યુદ્ધનાં વાદળો ઘૂમરાઈ રહ્યાં છે. માણસ માણસના લોહીનો તરસ્યો બની ગયો છે. એકબીજાને દુશ્મન માને છે.

..૧૪..

આપણે રાષ્ટ્રોને તેમના મનમાંથી ઘૃણાની તથા યુદ્ધની ભાવના કાઢી નાખવા માટે ફરજ પાડવી જોઈએ. એમને સમજાવવું પડશે કે દેશો જમીનોના ટુકડાઓ રૂપે વહેંચાયેલા નથી. માણસના દિલને જમીનના ટુકડાઓથી વહેંચી શકાતું નથી.

જો લોકો વચ્ચે મનભેદ હોય તો તેને પ્રેમ તથા ન્યાયથી દૂર કરી શકાય છે. એના માટે યુદ્ધ કરવાની જરૂર નથી. માણસ બીજા માણસનો ભાઈ છે અને તેથી ભાઈએ પોતાના ભાઈને પ્રેમ કરવો જોઈએ, તેમણે એકબીજા માટે ત્યાગ કરવો જોઈએ. જો આ વાત આપણા જીવનમાં આવી જાય તો આપણે યુદ્ધોથી બચી શકીએ છીએ અને બધી સમસ્યાઓ હલ કરી શકીએ છીએ. આજે બધા દેશો એકબીજાથી બીતા રહે છે. આ વિભીષિકાને આપણે પ્રેમ દ્વારા દૂર કરી શકીએ છીએ.

આજે જે જ્ઞાન અને સંપત્તિ ટેંકો બનાવવામાં વપરાય છે તેમને આપણે ટ્રેક્ટર બનાવવામાં વાપરી શકીએ છીએ. જે વિજ્ઞાન મશીનગન બનાવવામાં વ્યસ્ત છે તેનાથી આપણે પાણી ખેંચવાના પંપ બનાવી શકીએ છીએ.

જે જ્ઞાન એકબીજાને મારવામાં વપરાય છે તેને એકબીજા વચ્ચે પ્રેમ વધારવામાં અને બાળકોને શિક્ષણ આપી ગરીબ દેશોને આગળ લાવવામાં વાપરી શકીએ છીએ. જો માણસને સમજાવી શકાય કે આ આખું વિશ્વ આપણું કુટુંબ છે, એક જ પરિવાર છે, તો પછી દુનિયામાં હજારો વર્ષો સુધી શાંતિ ટકી રહેશે.

સાથીઓ, મેં કહ્યું એવું જો નહિ થઈ શકે તો પછી બર્ટ્રાન્ડ રસેલના શબ્દોમાં કહી શકાય કે પહેલાં લડાઈ તીરકમાનથી લડાતી હતી, પછી બંધૂકો અને એટમબોમ્બથી લડાઈ, પણ ચોથું વિશ્વયુદ્ધ તો પથ્થરોથી લડાશે. માણસ પાસે બંધૂક વાપરવા જેટલી અક્કલ પણ નહિ બચે, એની પાસે શક્તિ કે સાધનો પણ નહિ બચે.

..૧૫..

આ અક્કલ આ વિજ્ઞાન કે જેની હું પ્રશંસા કરી રહ્યો હતો અને જે ટેક્નોલૉજી વિશે શરૂઆતમાં વાત કરી તે બધું કાગળના રાવણની જેમ બળીને ખાખ થઈ જશે

વિજ્ઞાનની આ પ્રગતિને સુરક્ષિત રાખવા માટે, આ ટેક્નોલૉજીના લાભ તથા હાનિને સારી રીતે સમજવા માટે એ વાતની જરૂર છે કે આ ઉન્મત હાથી ઉપર અંકુશ રાખવામાં આવે.

જો ભૌતિક વિજ્ઞાન અને ભૌતિક પ્રગતિ રૂપી વાઘને છુટો મૂકી દેવામાં આવશે તો તે બધાને ખાઈ જશે. પછી માનવતા જીવતી નહિ રહે. માનવતાને જીવની રાખવા માટે આ ટેક્નોલૉજી અને બૌધ્ધિક તથા આર્થિક વિકાસની ઉપર આધ્યાત્મિકતાનો અંકુશ રાખવો પડશે.

ભવિષ્યમાં તમારી ઉર બહુ મોટી જવાબદારીઓ આવવાની છે તે તમારે નિભાવવી પડશે. આગામી દિવસોમાં સમસ્યાઓ વધશે અને તમારે એ સમસ્યાઓને હલ કરવી પડશે. તમારે એમનાં સમાધાન શોધવા પડશે.

હું તો એક વૃદ્ધ માણસ છું. ગમે ત્યારે કાયા છૂટી જશે, પણ હું તમને એક નાનકડી ફૉર્મ્યુલા બતાવીને જાઉં છું. તમારે યાદ રાખવાનું છે કે દુનિયાની તમામ સમસ્યાઓનું સમાધાન એક જ છે અને તે એ કે માણસોની અંદરની માનવતાને કોઈપણ ભોગે જીવતી રાખવી પડશે.

ભૌતિક વિકાસની સાથે સાથે આધ્યાત્મિકતાનો, મહાનતાનો વિકાસ પણ કરવો પડશે એને તમે પ્રામાણિકતા કહો, ભલમનસાઈ કહો, ધર્મનીતિ કહો કે બીજું કઈ પણ કહો. હું તો એને આધ્યાત્મિકતા કહું છું. જો માણસની અંદરની મહાનતાને, આદર્શો તથા કર્તવ્યનિષ્ઠાને જીવતી રાખવામાં આવે, સમાજમાં પ્રેમ અને સહયોગની ભાવનાને જીવતી રાખવામાં આવે તો કાયમ ખુશાલી રહેશે અને ભૌતિક સાધન સગવડોનો પૂર્ણ આનંદ આપણે લઈ શકીશું.

..૧૬..

ભૌતિક વિકાસની સાથે સાથે આધ્યાત્મિકતાનો, મહાનતાનો વિકાસ પણ કરવો પડશે એને તમે પ્રામાણિકતા કહો, ભલમનસાઈ કહો, ધર્મનીતિ કહો કે બીજું કઈ પણ કહો. હું તો એને આધ્યાત્મિકતા કહું છું. જો માણસની અંદરની મહાનતાને, આદર્શો તથા કર્તવ્યનિષ્ઠાને જીવતી રાખવામાં આવે, સમાજમાં પ્રેમ અને સહયોગની ભાવનાને જીવતી રાખવામાં આવે તો કાયમ ખુશાલી રહેશે અને ભૌતિક સાધન સગવડોનો પૂર્ણ આનંદ આપણે લઈ શકીશું.

સુખસગવડો આપનાર આ ભૌતિક વિજ્ઞાનને, ભૌતિક પ્રગતિને તથા ટેક્નોલૉજીની પ્રગતિને ધન્યવાદ, પરંતુ જયાં સુધી તેનો બીજો પક્ષ એવી આધ્યાત્મિકતાનો વિકાસ નહિ કરીએ ત્યાં સુધી એ બધું અધૂરું છે. આ બીજા મહત્વપૂર્ણ પાસાને ભૂલવું ન જોઈએ. આ બધું કહેવા માટે તમારી સામે એક ચેતન પુરુષ આવ્યો. તેની ઉપર સમાજના નવનિર્માણની જવાબદારી છે.

આ જવાબદારી તમારે પણ નિભાવવી જોઈએ અને નિભાવવી પડશે જ. મારા આ સૂચનનો જો તમે અમલ કરશો તો મને લાગે છે કે આપણા દેશની, માનવજાતની તથા સમગ્ર વિશ્વની મહાતમ સેવા કરવામાં તમે સમર્થ થશો. તમે એક કલાકનો અમૂલ્ય સમય આપી મારી નાનકડી વાતને સાંભળી એ માટે હું તમારા બધાનો ખૂબ ખૂબ આભાર માનું છું. આજની વાત સમાપ્ત.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.